# અમેરિકાના જોબ માર્કેટની સ્થિતિ ફરીથી ધ્રુજરી બની ગઈ છે?

અમેરિકાના અર્થતંત્રની સ્થિતિ નોંધપાત્ર રીતે સુધરી હોવાના દાવાઓ વચ્ચે હાલ એવા અહેવાલ આવ્યા છે કે ચાલુ વર્ષમાં અનેક કંપનીઓએ લાખો લોકોને નોકરીમાંથી છૂટા કરી દીધા છે. તેમાં પણ ઓક્ટોબરમાં અમેરિકામાં છટણીઓના પ્રમાણમાં નાટ્યાત્મક વધારો થયો હતો, જે દર્શાવે છે કે 2025 માં નોકરીઓમાં કાપ સામાન્ય રીતે મંદી દરમિયાન જોવા મળતા સ્તર પર પહોંચી ગયો છે, ચેલેન્જર, ગ્રે એન્ડ ક્રિસમસ નામની એક ખાનગી કંપની, જે કાર્યસ્થળ પર કાપ પર નજર રાખે છે, તેના નવા પ્રકાશિત થયેલા ડેટા પરથી આ માહિતી મળી છે. અમેરિકી નોકરીદાતાઓએ આ વર્ષે અત્યાર સુધીમાં 1.1 મિલિયન છટણીની જાહેરાત કરી છે એટલે કે ૧૧ લાખ લોકોએ ચાલુ વર્ષમાં નવેમ્બર સુધીમાં જ નોકરી ગુમાવી છે - જે સંખ્યા 2020 માં રોગચાળાની મંદી પછી સૌથી મોટી છે અને 2008 અને 2009 ની મોટી મંદી દરમિયાન જોવા મળેલા વ્યાપક નોકરીઓમાં કાપની સમકક્ષ છે. આ તીવ્ર વધારો શ્રમ બજારમાં નોંધપાત્ર મંદી અંગે વધતી ચિંતાઓને વેગ આપી રહ્યો છે કારણ કે UPS, Amazon અને Target જેવી મોટી કંપનીઓએ પહેલાથી જ તેમના વ્યવસાયિક એકમોમાં અનેક નોકરીઓમાં કાપ મૂક્યો છે.

જાણીતા અમેરિકી અખબાર વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ, નોકરીદાતાઓએ ઓક્ટોબરમાં નોકરીમાં કાપના મુખ્ય બે કારણો દર્શાવ્યા છે. તેમણે છટણીઓના કારણ તરીકે ખર્ચ ઘટાડવાના પગલાં અને કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે એઆઇના વપરાશ તરફ ધ્યાન દોર્યું છે. ડેટા દર્શાવે છે કે આ મેગા છટણી મુખ્યત્વે ટેકનોલોજી, રિટેલ, સેવા અને વેરહાઉસિંગ નોકરીઓને અસર કરે છે. વોશિંગ્ટન પોસ્ટ દ્વારા ટાંકવામાં આવેલા ચેલેન્જરના રિપોર્ટ અનુસાર, નોકરીદાતાઓએ ગયા મહિને 153,000 થી વધુ નોકરીઓ ઘટાડવાની જાહેરાત કરી હતી, જે તેના અગાઉના મહિના કરતા 183% વધુ છે, અને આ ઓક્ટોબર એ 2003 પછી છટણી માટે સૌથી ખરાબ ઓક્ટોબર છે. ખાસ કરીને ટેકનોલોજી ઉદ્યોગને ભારે ફટકો પડ્યો છે, નોકરીદાતાઓએ નોકરી કાપ પાછળના કારણો તરીકે ધીમી માંગ અને કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા સર્જાયેલા વિક્ષેપોનો ઉલ્લેખ કર્યો છે. ચેલેન્જરના મતે, આ વર્ષે અત્યાર સુધીમાં ટેકનોલોજી કંપનીઓએ 141,000 થી વધુ નોકરી કાપનો આંકડો મૂક્યો છે, જે ગયા વર્ષના આ જ સમયગાળા કરતા 17% વધુ છે. છટણીમાં વધારો એક મહત્વપૂર્ણ સમયે થયો છે, કારણ કે અમેરિકી સરકારનું શટડાઉન પણ તે સમયે શરૂ થઇ ગયું હતું. શટડાઉનના કારણે નીતિ નિર્માતાઓ, રોકાણકારો અને અર્થશાસ્ત્રીઓ પાસે નવીનતમ સત્તાવાર ડેટા નથી પરંતુ ચેલેન્જરે રજૂ કરેલા આંકડાઓ પર શંકા કરવાનું કારણ જણાતું નથી.

તાજેતરના વર્ષોમાં રોજગાર બજાર અર્થતંત્ર માટે સ્થિરતાનો મુખ્ય આધારસ્તંભ રહ્યો છે, આ નોકરી કાપ સૂચવે છે કે નોકરીદાતાઓ ફક્ત ભરતી ઘટાડવાથી આગળ વધી રહ્યા છે અને હવે સક્રિયપણે નોકરીઓ પૂરે પૂરી રીતે ઘટાડી રહ્યા છે. છટણી છતાં, એકંદર અર્થતંત્ર અત્યાર સુધી સ્થિર દેખાય છે. નવીનતમ ઉપલબ્ધ ડેટા અનુસાર, ઓગસ્ટ સુધીમાં બેરોજગારીનો દર 4.3% પર પ્રમાણમાં ઓછો હતો. જોકે, અર્થશાસ્ત્રીઓ ચેતવણી આપે છે કે ચિત્ર ઝડપથી બદલાઈ શકે છે એમ આ અહેવાલમાં જણાવાયું છે. પે-ચેક પ્રોસેસર ADP તરફથી આ અઠવાડિયે એક અલગ અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે કે ખાનગી કંપનીઓએ બે મહિનાના ઘટાડા પછી, ઓક્ટોબરમાં 42,000 નોકરીઓ ઉમેરી હતી. જોકે, સમાચાર અહેવાલ મુજબ, માહિતી (૧૭,૦૦૦ પદો નીચે) અને વ્યાવસાયિક અને વ્યવસાયિક સેવાઓ (૧૫,૦૦૦ નીચે) જેવા વ્હાઇટ-કોલર ઉદ્યોગોમાં કેન્દ્રિત નોંધપાત્ર નોકરીઓનું નુકસાન પણ જાહેર થયું હતું. ફેડરલ રિઝર્વ, જે ફુગાવાને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, તેણે તાજેતરમાં નબળા પડી રહેલા શ્રમ બજાર તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ એચ પોવેલે નિર્ણય પછી એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, “તમે નોંધપાત્ર સંખ્યામાં કંપનીઓને કાં તો જાહેરાત કરતી જોશો કે તેઓ વધુ ભરતી નહીં કરે, અથવા ખરેખર છટણી કરશે.” અમે આના પર ખૂબ કાળજીપૂર્વક નજર રાખી રહ્યા છીએ એમ તેમણે કહ્યું હતું. તેમનો અભિગમ યોગ્ય જ છે. રોજગારની સ્થિતિ અર્થતંત્રના કુલ દેખાવ પર વ્યાપક અસર કરે છે અને તેની સ્થિતિ કથળે તો સમગ્ર અર્થતંત્રને ટૂંક સમયમાં અસર થવા માંડે છે.

# નહેરુ સાથે તમે સંમત થાઓ કે ના થાઓ...

## કહેવાની વાત

**નેહા શાહ**

**નહેરુ પોતે વિજ્ઞાનને મહત્ત્વ આપતા હતા. આર્થિક વિકાસના પાયામાં ઔદ્યોગિકીકરણ અને એના પાયામાં વિજ્ઞાન અને ટેકનોલોજી છે એ સ્પષ્ટ સમજ સાથે નવા જન્મેલા દેશના મર્યાદિત આર્થિક સંસાધનો વચ્ચે પણ તેમણે વૈજ્ઞાનિક સંશોધન અને નવીનીકરણને મહત્ત્વ આપ્યું**

આજે ૧૪મી નવેમ્બર, બાળદિન એટલે કે જવાહરલાલ નહેરુની જન્મ-શતાબ્દી. એક સમયના લોકલાડીલા નેતા, લગભગ સત્તર વર્ષો સુધી દેશના વડાપ્રધાન રહી ચૂકેલા જવાહરલાલ નહેરુ આજની તારીખમાં પ્રચલિત ચર્ચામાં એટલા પ્રિય નથી. ભારતમાં એમની નબળાઈઓને વધારી-ચડાવીને એટલી તો જોરશોરમાં રજૂ કરવામાં આવે છે કે આઝાદ ભારતના નિર્માણમાં એમના યોગદાનને અવગણવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પણ ન્યુયોર્ક સિટીના મેયર તરીકે તાજેતરમાં ચૂંટાયેલા ભારતીય મૂળના યુવાન ઝોહરાન મમદાની ચૂંટણી જીત્યા પછીના સંબોધનમાં તેમને યાદ કર્યા અને ટ્રાયસ્ટ ઓફ ડેસ્ટીની (નસીબની અજમાઇશ) તરીકે ખૂબ પ્રચલિત થયેલા આ ભાષણનો ઉલ્લેખ કર્યો. ભારતની આઝાદી મળવાની પૂર્વ રાત્રીએ બંધારણ સભાને કરેલા સંબોધનમાં નહેરુએ કહ્યું હતું કે “એક એવી ક્ષણ, જે ઈતિહાસમાં જવલ્લે જ આવે છે, જ્યારે આપણે જૂનાથી નવા તરફ આગળ વધીએ છીએ, જ્યારે એક યુગનો અંત આવે છે, અને જ્યારે લાંબા સમયથી દબાયેલા રાષ્ટ્રના આત્માને વાચા મળે છે.” આઝાદીનો સૂરજ ઊગવાની સાથે નવા રાષ્ટ્ર માટે ઊભી થયેલી આશાસ્પદ શક્યતાઓનો એ સમય હતો.

નહેરુ સાથે તમે સંમત થાઓ કે ના થાઓ... એમણે લીધેલા નીતિવિષયક નિર્ણયોના સારાં તેમજ માઠાં બંને પરિણામો તમે તપાસો, પણ એક વાત તો સ્વીકારવી જ પડે કે આઝાદીના લગભગ આઠ દાયકે આજે વિશ્વના નકશામાં ભારતનું જે સ્થાન છે એને સમજવા માટે નહેરુના યોગદાનને ગણતરીમાં લેવું જ પડે. આઝાદી પછીનાં વર્ષોમાં ભારતના વિકાસનું જે માળખું ઘડાયું એના પાયામાં દેશના ઔદ્યોગિકીકરણનું માળખું છે અને આત્મામાં વૈજ્ઞાનિક મિજાજ કેળવવાની દૃષ્ટિ છે.

નહેરુ પોતે વિજ્ઞાનને મહત્ત્વ આપતા હતા. આર્થિક વિકાસના પાયામાં ઔદ્યોગિકીકરણ અને એના પાયામાં વિજ્ઞાન અને ટેકનોલોજીકલ છે એ સ્પષ્ટ સમજ સાથે નવા જન્મેલા દેશના મર્યાદિત આર્થિક સંસાધનો વચ્ચે પણ તેમણે વૈજ્ઞાનિક સંશોધન અને નવીનીકરણને મહત્ત્વ આપ્યું.

દેશમાં આઈ.આઈ.એમ, આઈ.આઈ.ટી જેવી વૈશ્વિક સ્તરની શૈક્ષણિક સંસ્થા ઊભી કરી, જળ વિદ્યુતથી લઈને ન્યુક્લીઅર પાવરનો પાયો નાખ્યો. વીજળી ઉત્પન્ન કરતાં મોટા બંધો અને મોટા ઉદ્યોગોને તેમણે આધુનિક ભારતનાં મંદિર ગણાવ્યાં એ વાત જાણીતી છે. તેઓ સમજતા હતા કે દેશમાં સમૃદ્ધિ ઔદ્યોગિકીકરણના જ માર્ગે આવવાની છે તેમજ વિશ્વમાં ઝડપથી વિકસી રહેલા મૂડીવાદી વિકાસ સાથે જો તાલ મેળવીને ચાલવું હશે તો ઉદ્યોગોના વિકાસ માટેનો પાયો મજબૂત કરવો પડશે. સમાજવાદી વિચારોથી પ્રભાવિત નહેરુએ આ માળખાકીય સવલતો ઊભી કરવાની જવાબદારી સરકારને ખભે નાખી. આ નીતિ પાછળનો હેતુ પાયાના ઉદ્યોગોમાં ખાનગી મૂડીના કેન્દ્રીકરણની શક્યતાને રોકવાનો હતો. એટલે જાહેર એકમોના શુભ મુહૂર્ત સાથે શરૂ થયો આયોજન સાથેના મિશ્ર અર્થતંત્રનો દોર. પંચવર્ષીય યોજનાના રેડ ટેપીસમના એ સમયમાં ધારેલાં ઘણાં લક્ષ્ય હાંસલ ના થઈ શક્યાં એ વાત સાચી, પણ એક વાતનો સ્વીકાર સૌએ કરવો પડશે કે આધુનિક ઉદ્યોગોનો પાયો એ સમયે જ બંધાયો. એ સમયે બીજો વિકલ્પ શું હતો? મોટું જોખમ લઈ શકે એવા ટાટા, બિરલા કે કિર્લોસ્કર જેવા મોટા મૂડીપતિઓની સંખ્યા મુઠ્ઠીભર જ હતી. રોડ, રેલવે, વીજળી, પાણી, સ્ટીલ, સિમેન્ટ જેવી અનેક સવલતોની માંગ ઊગતા ઉદ્યોગોને પરવડે એ કિંમતે પૂરી પાડી શકાય એટલી ક્ષમતા ધરાવતી ખાનગી મૂડી બજારમાં ક્યાં હતી?

સક્ષમ દેશના નહેરુના સપનામાં વિજ્ઞાનની પાયાની ભૂમિકા હતી. તેમના મતે દેશમાં પ્રવર્તતા ગરીબી, નિરક્ષરતા, અંધશ્રદ્ધા, અસ્વચ્છતા જેવા અસંખ્ય પ્રશ્નોનો જવાબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમમાં હતો. લાંબા ગાળાના વિકાસ માટે ઉત્પાદનક્ષમતા વધારવી પડે અને એ માટે ટેકનોલોજી પણ જોઈએ અને નવીનીકરણ પણ જોઈએ. એ બંને માટે સમાજમાં વૈજ્ઞાનિક મિજાજ પણ કેળવાવો જોઈએ. જો કે નહેરુ જે વૈજ્ઞાનિક મિજાજની વાત કરતા તે માત્ર વિજ્ઞાનની નવી શોધ પૂરતો મર્યાદિત ના હતો, પણ એ જીવન જીવવાની રીતની વાત હતી. એટલે કે વૈજ્ઞાનિક ઢબે ખુલ્લા મનથી વિચારવાની ક્ષમતા, નવા પ્રયોગો અને નવા જ્ઞાનના સર્જનની ઉત્કંઠા, જે વર્ષોથી ચાલી આવતી સમાજને પડકારવાની તૈયારી કેળવે. વૈજ્ઞાનિક મિજાજ ધરાવતો સમાજ આવિષ્કારોની સાથે સમાજ અને અર્થતંત્રની રીતોને પણ પ્રશ્નો કરે. વૈજ્ઞાનિક અભિગમની ભૂમિકા એટલે માત્ર આર્થિક ઉપાર્જન માટે નહિ પણ સમાજના પ્રગતિશીલ પ્રયાણ માટે પણ ખરી. ડીસ્કવરી ઓફ ઈન્ડિયા' પુસ્તકમાં તેમણે ભારતના ઈતિહાસમાં રહેલા વૈજ્ઞાનિક વલણની નોંધ કરી છે - ગણિત અને ખગોળશાસ્ત્ર હોય કે ચિકિત્સા પદ્ધતિ હોય, પ્રાચીન ભારતમાં એનો વિકાસ થયો એ બતાવે છે કે અહીં વૈજ્ઞાનિક અભિગમની ભાવના હતી. પણ, વૈજ્ઞાનિક અભિગમનો હાર્દ જ એ છે કે જૂની પરંપરા ગમે તેટલી મહાન હોય, નવા વિચારો સાથે એની સામે પડકાર ઊભા થાય તો વૈજ્ઞાનિક ઢબે એના જવાબ શોધવા પડે અને નવા વિચારોનો સ્વીકાર કરવો. એટલે કે કોઈ પરંપરા કે કોઈ નિયમ શાશ્વત નથી. દેખીતી રીતે જે વર્ગ ધર્મ, પરંપરા કે નિયમોના સનાતન હોવામાં વિશ્વાસ રાખે છે તેઓ સતત પ્રશ્ન પૂછતાં વૈજ્ઞાનિક મિજાજને વિકસાવવામાં માનતા નથી. નહેરુ સામે એમને પાયાની અસહમતિ ઊભી થાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## સદા ખુશ રહેવા માટે

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

‘ખુશહાલ જિંદગી તરફ’ નામનો એક સરસ સેમિનાર હતો.બધાં જ લોકો જીવનમાં ખુશી શોધતાં હોય છે એટલે સેમિનારમાં ભાગ લેવા ઘણાં લોકો આવ્યાં હતાં. સ્ટેજ પર પડદા પર એક છ પાંદડીવાળું સરસ સ્માઇલી ફલાવર હતું અને આવનાર દરેક શ્રોતાજનના હાથમાં એવું જ કાગળનું ફલાવર આપવામાં આવી રહ્યું હતું, જેમાં દરેક પાંદડી પર લખવાની જગ્યા હતી. સેમિનાર શરૂ થયો અને સ્પીકરે કહ્યું, ‘ચાલો,ખુશી મેળવવા આગળ વધીએ. આપણને બધાને ખુશ રહેવું છે પણ સાચી ખુશી, જે લાંબી ટકે તે કઈ રીતે મળે તે હું તમને જણાવીશ.” આટલું કહી તેમણે પોતાની સામેના લેપટોપ પર લખ્યું પાછળ પડદા પર મોટા ફૂલની એક પાંદડીમાં ચમક્યું. .. ‘ભૂતકાળને ભૂલી જાવ ....પસ્તાવાનું છોડી દો....ભવિષ્ય માટે વિચારો પણ ચિંતા ન કરો.સ્પીકર બોલ્યા, ‘આ સૂત્ર તમે તમારી પાસેના ફૂલની પાંદડી પર લખો... ભૂતકાળ તો ભૂલી જવાનો છે એટલે તેના વિષે નહિ પણ ભવિષ્યની યોજના લખો.” સ્પીકરે બીજું સૂત્ર આપ્યું, ‘નકારાત્મક વિચારોથી દૂર રહો.’ બીજી પાંદડી પર તે ચમક્યું. સ્પીકરે કહ્યું, ‘નકારાત્મક ન વિચારો. તમે જે વિચારશો તે મળશે..તે થશે...ચાલો, બીજી પાંદડી પર તમને ગમતા સકારાત્મક વિચારો લખો.’ ત્રીજી પાંદડી પર અક્ષર ચમક્યા ‘વિશ્વાસ કરો’ સ્પીકર બોલ્યા,



‘પોતાના પર અને અન્ય પર વિશ્વાસ મૂકવો જરૂરી છે. ચાલો, તમે જેની પર આંખ મીંચી વિશ્વાસ કરી શકો તેવાં પાંચ નામ લખો.’ ચોથું સૂત્ર કે ‘બધાને ખુશ કરવાની જરૂર નથી.’સ્પીકરે કહ્યું, ‘તમને થશે કે આ સૂત્ર નકારાત્મક છે પણ એવું નથી. તમારે બધાને ખુશ કરવાની જરૂર નથી. સૌથી પહેલાં જાતને ખુશ કરો. દિલથી ખુશ રહો. ચાલો, તમને ખુશી મળે તેવી પાંચ પ્રવૃત્તિઓ લખો ’પાંચમી પાંદડી પર સૂત્ર ચમક્યું. ‘સારાં પુસ્તકો અને સારાં માણસો સાથે જોડાયેલાં રહો.’ સ્પીકર બોલ્યા ‘સારાં માણસો તમને સાચી સલાહ આપશે અને સારાં પુસ્તકો પણ ઘણી વાર સાચા સાથીદાર -સલાહકાર સાબિત થશે. ચાલો, તમારા સ્માઇલી ફલાવરની પાંદડી પર તમારાં સાચાં સાથીઓ અને ગમતાં પુસ્તકોનાં નામ લખો.’ છઠ્ઠું સૂત્ર ચમક્યું, ‘સમયની દરેક પળને માણો’ સ્પીકર બોલ્યા, “સમયને બાંધી શકાતો નથી ..આજની ઘડી આજે જ ઉજવી લો ..જે ગમે તે કરી લો ..પરિવારને સમય આપો..... નાની ખુશીઓ રોજ મેળવો અને આપો.ચાલો, પાંચ એવી ખુશી લખો જે તમે રોજ આપી શકો ..મેળવી શકો.’અંતમાં સ્પીકર બોલ્યા તમારા હાથના ફૂલમાં તમારું સદા ખુશ રહેવાનું સરનામું છે.

# પ્રામાણિક ઈરાદા આવકારદાયક છે પણ જાહેર જીવનમાં તેની અમલવારી પણ દેખાવી જોઈએ

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

**પુલવામાથી દિલ્હી એટેક સુધી અને કાળાનાણાં કે ભ્રષ્ટાચારમાં પણ ઘટાડો ના થયો તો પેલા લાઈનમાં ઊભા રહ્યાં, રોજગારી ગુમાવી, આવક ગુમાવી, તેનું શું? કાંઈ નહિ? સારા ઈરાદાની કેટલી કિંમત ચૂકવી દેશે!**

માનનીય નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટીની વર્તમાન સરકાર તેના શાસનનાં અગિયાર વરસ પૂરાં કરી ચૂકી છે અને ગુજરાતમાં ભાજપ સરકાર છેલ્લલાં ત્રીસ વરસથી છે. વર્તમાન ભાજપ સરકાર અને ખાસ તો વડપ્રધાનશ્રીની સહુથી મોટી સિદ્ધિ હોય તો એ છે કે તેમનાં પગલાંઓ માટે તેમની નીતિઓ માટે અસંમત લોકો પણ તેમના ઈરાદા માટે શંકા નથી કરતા અને તે જે કંઈ કરે છે તે સ્વાર્થ વગર કરે છે તેવું મને લાગે છે પણ જ્યારે લોકો તમારામાં ખૂબ વિશ્વાસ મૂકે અને તમારા આધારે સપનાં જુવે ત્યારે તમારી જવાબદારી ખૂબ વધી જાય છે અને એક સમય પછી માત્ર પ્રામાણિક ઈરાદા કામ નથી લાગતા. પ્રામાણિક અમલ પણ જોઈએ. જવાબદારી પણ જોઈએ. પ્રત્યેક પગલાં, નવી અમલમાં મૂકેલી વ્યવસ્થાનું સતત મૂલ્યાંકન થવું જોઈએ અને ભૂલ હોય ત્યાં સ્વીકાર થવો જોઈએ. રાજકારણમાં નેતાઓ નિર્ણય કરે છે પણ એની સમગ્ર ઝીણવટભરી તપાસ લાભાલાભ અધિકારીઓ તપાસતા હોય છે અને તેમના માર્ગદર્શન મુજબ નેતાઓ નિર્ણય લેતા હોય છે. માટે જ રાજનીતિમાં સલાહકાર સારા હોવા જોઈએ. પ્રજાએ પણ નેતા માટે માન હોય તો પણ અધિકારીઓ માટે આંધળો પ્રેમ રાખવો જોઈએ નહિ.

ભારતની પ્રજા લાંબા અનુભવ પછી શીખનારી પ્રજા છે. છેલ્લાં વર્ષોમાં આપણને થયેલા અનુભવો યાદ કરો તો માત્ર સરકારના સારા ઈરાદા સિવાય આપણા ભાગે કાંઈ આવ્યું નથી.‘નોટબંધી’ જ લો ને! કાળા નાણાંને નાથવા આતંકવાદને ડામવા કરચોરોને દંડવા નોટબંધી લાગુ થઈ હતી પણ થયું શું?

ખેડૂતોને પાક નાંખી દેવો પડ્યો. નાનાં કારખાનામાં કામ બંધ રહ્યાં. શરૂઆતમાં કેશ-લેસ થયા પછી વળી પાછો રોકડ વ્યાપાર વધી ગયો. આતંકવાદમાં કોઈ ફેર ના પડ્યો. પુલવામાથી દિલ્હી એટેક સુધી અને કાળાનાણાં કે ભ્રષ્ટાચારમાં પણ ઘટાડો ના થયો તો પેલા લાઈનમાં ઊભા રહ્યાં, રોજગારી ગુમાવી, આવક ગુમાવી, તેનું શું? કાંઈ નહિ? સારા ઈરાદાની કેટલી કિંમત ચૂકવી દેશે! ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે સેમેસ્ટર પ્રથાના અને વાહન વ્યવહારમાં બી. આર. ટી. એસ. ના ઈરાદા તો સારા જ હતા પણ તે વ્યવહારમાં નિષ્ફળ ગયા. અમલમાં નબળા પડ્યા અને બંધ કરવામાં પણ સમય લાગે છે તે બતાવે છે કે સારા ઈરાદાની કેટલી કિંમત દેશ ચૂકવે છે.

દેશના સરકારી નાણાંકીય વર્ષને જાન્યુઆરીથી ડિસેમ્બરમાં ગણવાની તૈયારી ચાલી રહી છે. નાણાંકીય વરસ બદલાવાથી દેશને ફાયદો થશે એવું હાલ તો લાગી રહ્યું છે કારણકે જાન્યુઆરીમાં જ નાણાંસાધનોની ફાળવણી થઈ જશે અને ફેબ્રુઆરીથી કામ ચાલુ થઈ જશે. અગાઉ એપ્રિલમાં મજૂરી મળતી. મેમાં કામ ચાલુ થતાં અને જૂનમાં વરસાદ થતાં જ કામ બંધ થઈ જતાં. ખેડૂતોને બિનખેત સમયમાં રોજગારી મળે તે માટે આ બજેટના સમયમાં પરિવર્તન ખૂબ જરૂરી હતું. હવે આ ઈરાદો તો સારો છે પણ તેનો અમલ પણ સારો થવો જોઈએ. કામ થવાં જોઈએ. રોજગારી મળવી જોઈએ.

જી.એસ.ટી. માં ઈરાદો તો સારો જ છે કે રાજ્યો વચ્ચે સમાન દરે વેરા લેવાય પણ જો જી.એસ.ટી. નો અમલ બરોબર નહિ થાય તો ભ્રષ્ટાચાર વધશે અને અધિકારીઓની દખલ વધશે. નાનાં રાજ્યોને નુકસાન થશે તથા આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ વધશે. રાજ્યોની વિશિષ્ટતા ખતમ થશે અને લાંબે ગાળે અર્થતંત્રને નુકસાન થશે.

આ સરકારે લીધેલો એક મહત્ત્વનો નિર્ણય ન્યાય ક્ષેત્રે કોલોનિયલ સીસ્ટમ બંધ ન કરવાનો હતો જેમાં અમલમાં વાર થઈ છે પણ જાણકારોનું માનવું છે કે આ ન્યાયતંત્રમાં ન્યાયાધીશોની નિમણૂકમાં સરકારની દખલ વધારનાર પગલું છે જ્યારે તરફદાર માને છે કે આ જૂની પરમ્પરામાંથી મુક્ત થવાના પ્રયત્ન છે. આ સરકારે આયોજન પંચ બંધ કર્યું અને નીતિ આયોગ ચાલુ કર્યું જે કઈ રીતે કામ કરે છે તે કોઈ સમજાવી શકતું નથી. શિક્ષણમાં યુજીસી દ્વારા નાણાં ફાળવણી બંધ કરી દેવામાં આવી છે. અહીં પણ વિવાદ છે અને નહોર વગરની નાણાં ફાળવતી સંસ્થાને ( યુ. જી. સી. ને ) હવે નિયંત્રણ કરનારી સંસ્થા બનાવી દેવાઈ છે તેવી તરફેણ થાય છે.

આ સરકાર મૂળ જે મુદ્દા સાથે સત્તામાં આવી હતી તેમાંથી રોજગારી-સર્જન નથી થયું.મોંઘવારીમાં ઘટાડો નથી થયો. કાળું નાણું પકડાયું નથી. આતંકવાદ અને પાકિસ્તાનના કાર્યક્રમો ઓછા થયા નથી.

ખેડૂતોના પ્રશ્નો ત્યાંના ત્યાં જ છે અને ઉત્તર પ્રદેશમાં ચૂંટણી જીતવા એક લાખ સુધીનાં દેવાં માફીની જાહેરાત હવે દેશભરમાં મંગની બની ગઈ છે. સરકાર પાસે હવે થોડાંક વ્યવહારુ પગલાં અને રોજબરોજની મુશ્કેલી માટે તંત્રની સુધારણાની અપેક્ષા રખાય છે. થોડો સમય પ્રધાન મંત્રી દેશમાં નાના મુદ્દા પર ધ્યાન આપે અને બેન્કિંગ તંત્ર, શિક્ષણ તંત્ર, ન્યાય અને કાયદાની સમીક્ષા કરે તો તેમના પ્રામાણિક ઈરાદા સાથે અમલ પણ જોવા મળશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### આતંકવાદ : સ્લીપર શેલ

આતંકવાદનું કારણ આપતા કાશ્મીરના ભુતપૂર્વ ગવર્નર જગમોહન, તેમના મૂળ પુસ્તક ‘માય ફ્રોઝન ટર્બુલન્સ’ જે ગુજરાતીમાં ‘થીજેલા વમળ’માં જણાવે છે તેમનો (આતંકવાદીઓનો) મુખ્ય ઉદ્દેશ જીવ હિંસા નહીં, પણ સમાજમાં અરાજકતા ફેલાય, પ્રજાનો શાસનમાંથી વિશ્વાસ ઉડી જાય તે હોય છે અને એમાં સફળતા મેળવવા માટે અન્ય પરીબળ જેવા જ સહયોગ મેળવે છે સ્લીપર શેલનો. ‘પત્ર’ આવા લોકો માટે જ છે. કેમ કે પોતાની ઓળખ ના હોવાને કારણે પોતાના પગ પર અજાણતા જ કુહાડો મારી દેવાનું. આનું સૌથી મોટું ઉદાહરણ છે, રાજારામચંદ્ર અને તેમના જ પૂત્રો લવ-કુશ સાથેનું યુદ્ધ. માત્ર ભારતીય સાહિત્યમાં જ નહીં, કયા દેશની આ વાત છે તે ધ્યાનમાં નથી આવતું, પણ ‘રૂસ્તમ ઔર સોહરાબ’ની પણ આવી જ કહાની છે. સ્લીપર શેલનું પણ કંઈક આવુ જ છે. તેઓ જ્યાં રહે છે તેના જૈવિક કે ઐતિહાસિક જોડાણને કાંતો ભુલી જતા હોય છે કે પછી તેમને ભ્રમિત કરી દેવાતા હોય છે. આશા છે જ્યાં, અન્ન જળ અને આશરો મળ્યા, જ્યાં એમ ને ભલે, અન્યની તો અન્યની, ઉપાસના પદ્ધતિ વધારે ઉચિત લાગી એ ઉપાસના પદ્ધતિને અહીં ફેલાવો અને સન્માન મળ્યા એ જ જમીનને, એની જ સંસ્કૃતિની ઓળખ ભૂલી, જાણે-અજાણે સમસ્ત વિશ્વમાં ચિંતાનું કારણ બનનારી મોડેસ્ટ ઓપરેન્ડીનો હાથો બની જાય છે. વિશ્વબંધુત્વમાં માનનારી, એક સમયની વિશ્વ વંદનીય સંસ્કૃતિને, એક સમયે જે પોતાની હતી, તેને યાદ કરી કુહાડાના હાથો બનતા અટકે.

**- એક જાગૃત નાગરિક**

### ભારતમાં માર્ગ સલામતી જાગૃતિ અપીલ

રસ્તા પરિવહન વિભાગના 2023ના આંકડા મુજબ રસ્તા અકસ્માતોમાં કુલ મૃત્યુના 45 ટકા મૃત્યુ ટુ-વ્હીલર સવારોના થયા હતા. 2014માં આ આંકડો ફક્ત 30 ટકા હતો. એટલે છેલ્લા દાયકામાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. 2023માં દર કલાકે 9 ટુ-વ્હીલર સવારો પોતાનો જીવ ગુમાવે છે અને સૌથી ચોંકાવનારી હકીકત એ છે કે આમાંથી સૌથી વધુ મૃત્યુ ગ્રામીણ વિસ્તારોમાં નોંધાયા છે. છેલ્લા દસ વર્ષમાં રસ્તા પર ચાલતા લોકોના મૃત્યુ ત્રણ ગણા થયા, સાયકલ સવારોનાં મૃત્યુ 13 ટકા વધ્યાં અને ટુ-વ્હીલર સવારોનાં મૃત્યુ બમણા થયા. જ્યારે કાર, બસ, ટ્રક અને અન્ય વાહનોથી થતા મૃત્યુ ઓછા બન્યા છે. 2022માં દેશમાં નોંધાયેલા કુલ વાહનોમાંથી 74 ટકા ટુ-વ્હીલર જ હતા. 2014માં જ્યાં 13.9 કરોડ ટુ-વ્હીલર હતા, ત્યાં 2022માં આ સંખ્યા વધીને 26.3 કરોડ થઈ ગઈ છે. આટલી ઝડપથી વધતા વાહનો રસ્તાઓ પર વધી રહેલી ભીડ ઝડપી ગતિ અને બેદરકારીથી ચલાવવાનું વર્તન - આ બધું મળીને આજે આપણો રસ્તો જીવલેણ બની ગયો છે. એક વિનંતી હેલ્મેટ ફક્ત દંડથી બચવા માટે નથી, હેલ્મેટ જીવન બચાવવા માટે છે. અકસ્માત તો ફક્ત એક ક્ષણનું છે પણ નુકસાન આખું જીવન બગાડી નાખે છે. દરેક મુસાફરી નાની હોય કે મોટી માટે હેલ્મેટ ફરજિયાત બનાવો. સરકારે કાયદા કડક કરવા જોઈએ પણ જવાબદારીપૂર્ણ વર્તન અપનાવવાનો સમય આપણો છે.

**પરવટ ગામ, સુરત -આશિષ ટેલર**

### ભારતે સુરક્ષા કડક કરવાની તાતી જરૂર!

જ્યારથી અમેરિકામાં સત્તા પરિવર્તન થયું અને ડોનાલ્ડ ટ્રમ્પ ફરી અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા ત્યારથી દુનિયાભરમાં અફરા તફરી મચી ગઈ છે, ભારત સાથે ખાસ કરીને કૃષિ ડેરી ઉદ્યોગના વેપાર કરારથી ભારત દૂર રહેલુ છે તેથી ડોનાલ્ડ ટ્રમ્પને ભારત સાથે વેપાર કરારમાં નિષ્ફળતા મળતા ભારત પર 50% ટેરિફ નાખ્યો છે. તેને કારણે હાલ ભારતના અર્થતંત્ર પર અસર પડી રહી છે. ભારત પર અમેરિકા હવે પાકિસ્તાનને ભારત પર આંતકી હુમલો કરવા ઉશ્કેરી ભારતમાં આંતકવાદ ફેલાવા છૂટો ડોર આપ્યો હોય એવું લાગી રહ્યું છે. દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કારમાં થયેલા બોમ્બ વિસ્ફોટથી તેની શરૂઆત થઈ હોય તેવુ લાગી રહ્યુ છે. જેમા રાત્રે 9 વાગ્યા સુધીના સમાચાર મુજબ 10 વ્યક્તિના મૃત્યુ થયા અને ઘણા લોકો ઘાયલ થયા. તા 09-11-2025ના રોજ ગાંધીનગરના અડાલજ પાસેથી ત્રણ જેહાદી આંતકવાદીઓ પકડાયા હતા. ભારતમાં ઘણા લાંબા સમયથી શાંતિ હતી, હવે ફરી પાછું અમેરિકાના ઈશારે જ પાકિસ્તાન ભારતમાં ત્રાસવાદ ફેલાવવા ફરી સક્રિય થયું હોય તેવુ લાગી રહ્યુ છે. આવો ત્રાસવાદ રોકવા ભારતે સુરક્ષા કડક કરવાની અને ત્રાસવાદ રોકવા સખત પગલા લેવા જરૂરી છે.

**સુરત - વિજય તુઈવાલા**

### વર્લ્ડ ડાયાબિટીસ ડે નિમિત્તે

ઈન્સ્યુલિનના શોધક સર ફ્રેડકીક બેન્ટીંગનો જન્મ 14 નવે, 1891 ના રોજ થયો હોવાથી તેમની સ્મૃતિમાં 14-નવે.ને ‘‘વર્લ્ડ ડાયાબિટીસ ડે’’ તરીકે મનાવાય છે. વિશ્વમાં 82 કરોડ લોકોને, ભારતમાં 14 કરોડ લોકોને ડાયાબિટીસ છે. ડાયાબિટીસમાં લોહીમાં સુગરનુ સ્તર ખૂબ ઊંચુ રહે છે. કારણ કે શરીર ઈન્સ્યુલિનનો ઉપયોગ યોગ્ય રીતે કરી શકતું નથી. જો ડાયાબિટીસની પુરતી કાળજી અને ટ્રીટમેન્ટ ન કરવામાં આવે તો લાંબા ગાળે હૃદય, કિડની, બ્રેઈન, આંખો તથા ચેતાતંત્રને ગંભીર નુકસાન થાય છે. મુખ્ય લક્ષણોમાં વારંવાર પેશાબ કરવા જવું પડે, ખૂબ તરસ લાગે, ખૂબ ભૂખ લાગે, ઘા જલ્દી રુઝાય નહિ, વજનમાં ઘટાડો થવો, પગની પીંડી અને સ્નાયુઓમાં દુઃખાવો, ચેતાતંત્ર નબળુ પડી જાય છે. ડાયાબિટીસમાં થતી અડ અસરોમાં હાર્ટએટેક, કિડની ફેઈલ્યોર, બ્રેઈન સ્ટ્રોક, આંખના પડદાને નુકસાન, ડાયાબિટીક ફૂટ છે. તો ડાયાબિટીસમાં શું કાળજી લેવી ? (1) નિયમિત દવા લેવી. (2) નિયમિત એક્સર્સાઈઝ કરવી. (3) ખાંડ, તળેલો તથા ચરબીવાળો ખોરાક બંધ કરવો. (4) વજનને કન્ટ્રોલ કરવું (5) વ્યસનો બંધ કરો. (6) પાણી પીતા રહો. (7) આહારમાં લીલા શાકભાજી, ફળોમાં સફરજન - પાઈનેપલ - નાસપતિ લેવાનુ રાખો. (8) બ્રેકફાસ્ટમાં ઓટમીલ, ઈંડા, બ્રાઉન બ્રેડ લઈ શકાય. (9) દર્દીઓએ ત્રણ-ચાર મહિને બ્લડસુગર, HGAIC, સીરમ ક્રીએટીનની તપાસ કરાવતાં રહેવું. ડાયાબિટીસથી ડરો નહિ. પરંતુ પુરતી કાળજી રાખશો તો નોર્મલ જીવન જીવી શકાશે.

**યુ.એસ.એ- ડૉ.કિરીટ. એન.ડુમસિયા**

### માનવસર્જિત હવા પ્રદૂષણ : સાર્વત્રિક સમસ્યા

હવાનું પ્રદૂષણ કુદરતી અને માનવસર્જિત પણ હોઈ શકે છે. આ માટે કાયમી ઉકેલ ખૂબ જ આવશ્યક અને અનિવાર્ય છે. આપણા દેશમાં ખાસ કરીને દિલ્હી તથા અન્ય શહેરોમાં પણ હવાનું પ્રદૂષણમાં ચિંતાજનક રીતે વધી રહ્યું છે. કુદરતી સ્ત્રોત દ્વારા હવા પ્રદુષણ સામે માણસ કદાચ અસહાય બની રહે એવું બની શકે, પરંતુ માનવસર્જિત હવા પ્રદુષણ એ પણ એક મોટો પડકાર છે. WHO પણ અવરનવર આ અંગે ચેતવણી આપે છે. દર વર્ષે સાત મિલિયન કરતાં પણ વધુ લોકો વાયુ પ્રદુષણ સંબંધિત રોગોથી અકાળે મૃત્યુ પામે છે. માણસને હવા પ્રદુષણથી હૃદય અને ફેફસાની સમસ્યાઓ વધતી જાય છે. આપણે ત્યાં દરેક રાજ્યમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ છે જેની મુખ્ય કામગીરી પ્રદૂષણનું નિયંત્રણ અને પર્યાવરણની ગુણવત્તા રક્ષણની છે. પ્રવર્તમાન કાયદાઓનો અસરકારક અમલીકરણ કરીને આ બોર્ડ દ્વારા દરેક પ્રકારના પ્રદૂષણ નિયંત્રણ માટે પૂરતા પ્રયત્નો કરવામાં નથી આવતા. હવાનું પ્રદૂષણ ઘટાડવા માટે ઈલેક્ટ્રીક વાહનોની સંખ્યા વધતી જાય છે અને સોલર પેનલ મૂકવામાં આવે છે એ સારી વાત છે. આપણે ત્યાં શિયાળાના પ્રારંભની સાથે સાથે પ્રદૂષણનું પ્રમાણ વધતું જ જાય છે. આપણે સૌએ પણ સાથે મળીને રોજિંદી પ્રવૃત્તિ એવી રીતે કરવી જોઈએ કે પ્રદૂષણ લઘુત્તમ માત્રામાં થાય.

**નવસારી - ડૉ.જે.એમ. નાયક**